# ચંદ્રભાણ અને સુરભાણ

બંન્નેની વેલ સાથે.

કિંમત રૂ. ૦ા৹ સન ૧૯૧૯.

# ચંદ્રભાણ અને સુરભાણ

## બંન્નેની વેલ સાથે.

કિંમત રૂ. ૦ાા— સન ૧૯૧૯.

# ચંદ્રભાણ અને સુરભાણ.

બન્નેની વેલ સાથે.

## રચનાર પીર શમસ.

(ગુજરાતીમાં) આવૃતી ૧ લી નકલ ૫૦૦.

પ્રગટ કરનાર,

મુખી લાલજીભાઈ દેવરાજ.

ધી ખોજા સીંધી છાપખાનું,

૧૧૩, પાલખી મહોલા મુંબઈ—૯.



આ બુક મેનેજર વલીભાઈ નાનજીએ ધી ખોજા સિંધી પ્રેસ, ૧૧૩, પાલખી મહોલા, મુંબઇ નં. ૯ માં મુખી લાલજીભાઈ દેવરાજ માટે છાપી અને મુખી લાલજીભાઇ દેવરાજે ધી ખોજા સિંધી પ્રેસ ૧૧૩, પાલખી મહોલા, મુંબઇ—૯ માં પ્રગટ કરી

સંવત ૧૯૭૫. સન ૧૯૧૯.

# પ્રસ્તાવના.

શીયા ઇમામી ઇસ્માઇલી પીરોની પુઠીયોમાં **પીર શમ્સનું** નામ ૨૩ મું આવે છે. તેઓ સાહેબ ઇ૦ સ૦ ચઉદમા સઇકામાં ઇરાનથી હીન્દુસ્તાનમાં બોધ અરથે આવ્યા હતા અને પંજાબમાં મુલતાન તરફ તેઓએ પોતાનો બોધ ચાલુ કર્યો હતો.

પીર શમ્સ "શમ્સ તબરેઝ" તરીકે વધારે જાણીતા છે. તેઓ મારફતી લાઈનના એક જગ જાહેર પીર ગણાઇ ગયા છે જેમને હિન્દુ મુસલમાન સરવે આજે ઘણાજ માનથી યાદ કરે છે.

પીર શમ્સે ઘણાએક મોજીઝા કરેલા છે જેવા કે,

૧. માણુસને જીવતું કરવું.

૨. કાગળની હોડી કરી દરીયામાં તરાવવી.

૩. પોતાના અંગની ખાલ ઉતારી આપવી.

૪. સુર્યને નીચે બોલાવી મંગાવવો.

૫. વિવિધ રૂપ ધારણ કરવાં.

૬. ઇચ્છાનુંસાર જવું આવવું.

૭. મનુષ્યને એક બોલથી સીંગડા ઉત્પન્ન કરવા.

ઉપરના મોજીઝાને કદાચ ચાલુ ઝમાનો ગપાટો સમજે અગરતો આપણા પાક દીનના વીરોધીઓ જુઠું કહે પણ ઉપરની ૧-૩-૪ બાબતો અન્ય પ્રસીધ પુસ્તકોમાં પણ જણાઇ આવે છે અને એક મારફતની ટોંચ પર પહોંચેલો શખ્સ ઉપરની સર્વ બાબતો કરી શકે તેમાં કાંઇ નવાઇ નથી એમ બ્રહ્મજ્ઞાનીયો કહી શકે છે.

"**અનવર કાવ્ય**" નામે બ્રહ્મજ્ઞાન સંબંધી વિવિધ ગઝલો, ભજનોવાળી બુકના કર્તા કાજી અનવર દીબાચામાં હ૦ **પીર શમ્સ** વિષે લખે છે કે:—

"શમ્સતબ્રેજ પરમેશ્વરનો ખરો આશક ફકીર હતો, તે કબરસ્તાનમાં પડી રહેતો હતો, એક દિવસે બાદશાહનો છોકરો મરી ગયો તેથી બાદશાહે તમામ શાસ્ત્રકારોને ભેગા કરી હુકમ કર્યો કે " તેને જીવતો કરો, નહીં તો બધાને મારી નાખીશ." આવા હુકમથી શાસ્ત્રકારો મુવાને જીવતો કરે એવા માણુસની શોધ કરવા લાગ્યા તે કબરસ્થાનમાંથી આ શમ્સતબ્રેજ મળી આવ્યો અને તેને બાદશાહ આગળ ખડો કર્યો શમ્સતબરેજે શરૂઆતમાં જાહેર કર્યું કે " હું આ છોકરાને જીવતો કરીશ અને આ

બધા શાસ્ત્રકારોને મરતા બચાવીશ પણ મને ખાતરી છે કે તમે બધા શાસ્ત્રકારો મને મારશો" બધાએ કહ્યું કે "અમે તને કાંઇ નહી કરીએ." ત્યારે શમ્સતબરેજે છોકરાના મડદાને કહ્યું "કુમ બેઇજની" (ઉઠ મારા હુકમથી) આ શબ્દોથી છોકરો જીવતો થયો પછી શાસ્ત્રકારોએ વાંધો ઉઠાવ્યો કે ખુદાના હુકમથી ઉઠ એવું નહી કહેતાં મારા હુકમથી ઉઠ એવું તેણે કેમ કહ્યું ? માટે તે ધર્મ વિરૂદ્ધ ચાલ્યો શાસ્ત્રકારોની આવી શીખમણીથી બાદશાહે હુકમ કર્યો કે "શમ્સતબરેજના શરીરની ખાલ માં ઘાસનો ભુકો ભરો અને તેને કોરડા મારો" આ શબ્દો સાંભળી શમ્સતબરેજે પોતાના હાથેજ માથાથી તે પગ સુધી પોતના શરીરની ચામડી ઉતારી નાખી અને કહ્યું "લોચામડી અને તેમાં ઘાસ ભરી ફટકાનો માર મારો" આટલું બોલી શમ્સતબ્રેજ હાડમાંસના રૂપમાં ચાલ્યો ગયો, શરીરની આવી સ્થિતીમાં તે ગામમાં અને જંગલમાં ફરવા લાગ્યો, તેના વિચીત્ર અને ગંદકી ભરેલા દેખાવથી લોકો તેને પાસે આવવા દેતા નહોતા, એક દિવસે કોઇને ત્યાંથી કાચો ખોરાક તેને મળી આવ્યો, તે પકાવવા માટે દેવતા માગવા લાગ્યો; પણ કોઇએ આપ્યો નહી ત્યારે તેણે સુર્યને કહ્યું કે "તું આ મને શેકી આપ" આવા તેના હુકમથી સુર્ય નીચે આવ્યો સુર્યના તાપથી શમ્સતબરેજે પોતાનો ખોરાક શેકી લીધો, સુર્ય નીચે આવવાથી લોકો ઘણા દુ:ખી થવા લાગ્યા તેથી મહંમદ પેગંબર ત્યાં હાજર થયા અને શમ્સતબરેજને કહ્યું "શા માટે તમે આમ દુનિયાને સતાવો છો ? સુર્યને હવે રજા આપો" પછી શમ્સતબરેજે સુર્યને રજા આપી કે સુર્ય ઉપર ગયો, આવી સ્થિતીમાં શમ્સતબરેજે પોતાની જીંદગી ખતમ કરી."

ઉપર જણાવેલ સાતે મોજીઝાનું વર્ણન ઇસ્માઇલી ધર્મ શાસ્ત્રોમાં વીગતવાર મલી આવે છે. કાજી અનવરે જણાવેલ ઉપરની બાબતો જગ જાહેર છે. જ્યારે બાકીની બાબતો મુરીદોને લગતી હોઇ તેમના મુરીદો એટલે શીયા ઇમામી ઇસ્માઇલીયોમાંજ જળવાઇ રહેલી છે.

"કાગળની હોડી કરવા" બાબતની હકીકત ઇસ્માઇલી ધર્મ શાસ્ત્રમાં જણાવેલ છે અને તેવી હોડીમાં પીરને ફરતા **બાવદીન** નામના એક મોટા સઇયદે દ્વેષભાવથી જોવાથી **પીર**ના ફરમાનથી તેના કરણીના ફળરૂપ બાવદીનને શીગણાં થઇ ગયાં હતાં અને આખર પીરની માફી માંગવાથી શીંગણા બેસી ગયા હતા. પોપટ રૂપ થઇ **સુરજા રાણી**ના મુલકમાં બોધ કરવા **પીર શમસ** ગયા હતા અને ત્યાં ખાતે અનેક જનોને બોધ કર્યો હતો.

**પીર શમ્સે** કુલ ચોવીસ મુલકમાં બોધ કરેલો કહેવાય છે. પંજાબના **શમ્સીયો પીર શમ્સ**ના બોધેલા છે એટલુંજ નહી પણ તેઓએ ગુજરાત કાઠીયાવાડ સીંધ, કચ્છ, વગેરે જગોએ પણ ફરી બોધ કરેલો છે કારણકે પીરં શમ્સે ગુજરાતી

કચ્છી, સીંધી સરવે ભાષામાં ઇલ્મ રચેલ્લું છે. નોરતામાં ગવાતી ગરબીયોના રાગની હકીકતી લાઇન પરની **પીર શમ્સની** રચેલી ગરબીયો મશહુર છે. તેમજ **બ્રહ્મ પ્રકાશ** જેવું મારફતી શાસ્ત્ર પણ **પીર શમ્સે** રચેલું છે તે શીવાય અનેક મારફતી અને હકીકતી જ્ઞાનથી ભરપુર જ્ઞાનો અને ગ્રંથો તેઓએ રચેલા છે.

આ બુક **ચંદ્રભાણ અને સુરભાણ** નામનું ગ્રંથ પણ **પીર શમ્સે** પોતાના બે ચેલાઓની યાદમાં લખેલ છે અને તેમાં બને ચેલાની જાનફેશાનીનું વર્ણન કરવામાં આવેલ છે. પોતાના અનેક મુરીદોમાં જાનમાલની પરવા નહી કરનાર આ બે શખ્સોએ **પીર શમ્સના** ચેલા ગણાવાનું માન મેળવેલું છે જેમ કે:—

**ચંદ્રભાણ સુરભાણ બે બંધવા,**
**ગુર શમસના ચેલા કહેવાય.**

મજકુર બન્ને ભાઇઓએ **પીર શમ્સના** ફરમાન પર પોતાની જાન આપી પીર તરફની પોતાની અચુક વફાદારી બતાવી છે અને **પીર શમ્સે** પોતાની કુદરતે કમાલથી તેઓને જીવતા કરી પોતાનું અને પોતાના ચેલાઓનું મહાત્મ વધારી જગતમાં સચોટ દાખલો બેસાડેલ છે.

"**સગાળશા**" કે "**નરસીંહ મહેતા**" કે "**મીરાંબાઇ**"એ પોતાના ગુરૂના ફરમાન પર સત્યને ખાતર જાન કુરબાન કરવાની વાતો આપણે હીન્દુ શાસ્ત્રોમાં વાંચીયે છીએ તેમજ **હ૦ ઇમામ હુસેન** સાથે ૭૨ જણાઓ સઇયદ થયાની વાતો આપણે વાંચીયે છીએ અને તેઓને લોકો આજ ઘણાંજ માનની નજરથી જુએ છે. તેનું કારણ તપાસીયે તો ફકત એમજ જણાશે કે તેઓએ પોતાના ગુરૂના ફરમાનો પર શંકાના દ્રષ્ટીથી નહી જોતાં ચું કે ચાં કર્યા વગર પોતાનું સર્વસ્વ અર્પણ કરેલ છે. આવા સમયે વીમાસણમાં રહેનાર આજ સુધી હાથ ઘસતા રહયા છે એમ ઉપર જણાવેલ મહાત્માઓના દ્રષ્ટાંતોએ સીધ કરી આપ્યું છે. એજ સત્યના રસ્તા પર થઇ ગયેલા **ચંદ્રભાણ અને સુરભાણે** પણ પોતાની જીન્દગી પીરના બોલ પર આપી ઉપરના મહાત્માઓના દ્રષ્ટાંતોમાં ઉમેરો કર્યો છે.

ટુંકમાં આ પુસ્તક પોતાના મુરશીદ તરફની અચુક વફાદારી અને જાંફેશાનીના દ્રષ્ટાંત રૂપ હોઇ વાંચનારને પોતાના પાક ઇમામના પાક ફરમાન પર મુસ્તકીમ રહેવાનું શીખવે છે

ગુજરાતીમાં છપાઇ બહાર પડેલ આપણા પાક ઇસ્માઇલી દીનનાં શાસ્ત્રોમાંનું આ બીજુ પુસ્તક છે. આ પુસ્તક વાંચતા અન્ય કોમનો વાચક પણ આપણા પાક ઇસ્માઇલી

દીનના ઝળકાટથી અંજાઇ જશે, વીરોધીના રદયની વીરોધ અને દ્વેશ રૂપી આગ ઠંડી થઇ જશે અને ઇમામી ઇસ્માઇલીને આવા ઉતમ દીનના અધીકારી બનાવવા માટે મગરૂર બનાવશે.

છેવટમાં વાંચક વર્ગને અર્જ ગુજારવાની જે આવા બોધદાયક નીતિમય પુસ્તકો વાંચી અલભ્ય લાભ હાંસલ કરશો અને અન્યને વંચાવી આપણા પાક દીનની ઝળકાટથી મુન્નવર કરશો. આમીન

પ્રગટ કર્તા.



# ચંદ્રભાણ

## (પીર શમસનો રચેલો.)

પહેલા નામ અલ્લાહકા લીજે, દુજા કલમા મહમદકા કીજે;
અલ્લાહ મહમદ એક ભણીએ, ગુરનર ગતમાં નિતો નિત મીલીયે;
ગિનાન ગુરનર તણાં સુણીયે, પીર શાહા નામ નિતો નિત જપીયે;
સાચા નામ નબી કીલાવે, તબ શાહાકા દરશણ પાવે;
દીલ અપની શાહાસું લાવે, સાચા સાહેબસું નેહ આવે.

રે તુંહી સાચા સાંહીઆ પીયુજી.

શાહાસું નેહ લાઇએ, અને મહમદ માનો સાચરે;
ચીત્ત મન એક કરો, તો દરશાન દેવે આપરે. ૧

દરશન શાહા આપે દેવે, જો નીત નામ સાહેબકા લેવે;
શાહાસું નેહ અંતર કરીએ, ગુરનરકા ગુણ ગણીએ;
નીત નીત ગતમાંહે મીલીએ, સાહેબકું દીલમાં ધરીએ;
કીરીયા કરતવ કરણા, જીવી જીવીને આખર મરણા;
એવા મુનીવર વરીએ, જુગમાંએ દોએ તડ તરીએ.

રે તુંહી...

ગુરનરસું હેત ધરોરે મુનીવરો, તો સાહેબ હય હજુર રે;
પાક કરો દેહીકું, તો હોવે નુરે નુર રે. ૨

નુર યેહી હએ નીરવાણ, નુરે રચીયો આસ્માન;
નુરેથી નીપના નુર, નુર નબી પાક પરવર;
નુરે અરશ કુરસી જાણ, નુરે મોમન હએ પરમાણ;
નુરે તજલ્લા નુરમાંહે બેઠા, નુર નીરમલ મીંદર પેઠા;
નુર પરગટ નુર દીઠા, સાહેબ નામ સબથી મીઠા.

રે તુહી...

સાહેબ નામ સમરીએ, અંતર વરસે નુરરે;
પ્રેમ રસ ચાખીએ, તો આનંદ હોવે ભરપુરરે. ૩

પ્રેમ રસ ચાખી જોયા, સારી રેહેણી સુખસું સોયા;
પ્રેમ રસ પ્રેમે ભીના, જેણે સાહેબસું નેહ કીના;
પીર શમ્સ સાહેબ કીલાવે, ફીરતા ફીરતા ગત માંહે આવે;
પીરશાહા નામ આપ ભણાવે, ગુરનર પરતક પાવે;
દરશાન કરે ગત સગલી, આવી બેઠી ગત મીલી કરી.
રે તુંહી...
દરશાન પાયા શાહકા, સઉ સંતોખીઆ વીરરે;
ગત ગુરનર મીલીઆ, આયા શમસ પીરરે. ૪
પીર શમસ ગતમાં બેઠા, મુનીવરે નજરે દીઠા;
આપો આપ સાહેબ આયા, ગુરનર દરશાન શાહકા પાયા;
દરશાન કરે દીન ને રાત, માંહો માંહે કરે વાત;
સઉ સંતોખી સનમુખ રહ્યા, જો કુછ ગુરનર વાણી કહ્યા;
ગુરનરસું વેનતી કરે, પીર શમસ ચીતમાંહે ધરે.
રે તુંહી...
ચીતમાંએ ચીંતા કરો, અને બેઠા તમારે પાસરે;
અંતર આછા રહો, સો હરીકા દાસરે. ૫
દાસ હોવે તો દીલમાંહે રાખે, સાહેબસું વેનતી આંખે;
સહુ કરે પીરકી સેવા, અમરત લાવે આછા મેવા;
શાહા શમસ ગુરનર ધણી, કરે કીરીઆ સાહેબ તણી;
સાહેબ છે તે સદા મેહેરબાન, તમે અમારાં કરજો કામ;
સાહેબ હય સાચા દેવ, ગત સહુ કરે છે સેવ.
રે તુંહી...
સેવા કરે શાહાકી, પામવા વઇકુંઠ વાસરે;
ગુર રૂપે પીરકાસીઆ, વચન સુણો હમારા દાસરે. ૬
પીર બોલીઆ પરતક દેવ, સઉ કોઇ કરે છે હમારી સેવ;
તમકું હોવે વઇકુંઠ વાસ, જો રહેશો અમારે દાસ;
વચન સુણો ગુરનર કહેવે, એક માણસ હમ લેવે;
ઉનકા માંસ લે પકાવે, એસા ખાણા હમ ખાવે;
જો આલો તો હમારે દાસ, હમકું દીલ હે માણસ માંસ.
રે તુંહી...
ગત સઉ વીમાસીઆ, ગુર કેસી કહે છે વાતરે;
મેવા સરવે મેલીઆ, કરે માણસ ધાતરે. ૭

મેવા સરવે મનથી મેલીઆં, જબ એસા વચન બોલીયા;
વચન ઉપર સહુ વીમાસે, કોઇક આવે પીરકે પાસે;
પીર બેઠા આપે રહેવે, વાત વીગત કીસે ન કહેવે;
દુજા મનીખ કોઇ કોઈ કહેવે, દુખ સુખ આપે સેહેવે;
ગત સગલી ઘરૂં રહેવે, પીરકું કોઈ બાત ન કેહેવે;
રે તુંહી...
પીર આપે બેઠા રેહેવે, કોઇ ન આવે પાસરે;
હઇડે હીરખીઆ, કેસી કરે દાસરે. ૮
એક દીન ઇયું કરતે ગયા, તબ પીરે મુખીકું કહીયા;
મુખી એક માણસ હમ લેવે, હમ બેઠે સાહેબકું સરેવે;
ખાણા હમકું દુજા ન ભાવે, માંસ આવે તબ જા ખાવે;
મુખી કેહેવે પીરકે પાસ, નહીં મીલે માણસ માંસ;
માણસ માંસ કોઈ ન કરે, એસા માણસ કીસકે ઘરે.
રે તુંહી...
માણસ માંસ ન મીલે, આજ ઇસકે ગામરે;
પીર બાતાં જે કહે, તે ન આવે કામરે. ૯
પીરકી બાતાં કામ ન આવે, તબ મુખી એસા કેહેવે;
મુખી ઉઠીઆ, પીરકે પાસ, તમ તો હુએ હમારા દાસ;
તમકું હોવે વઈકુંઠ વાસ, હુમ રહેવે તમારે પાસ;
હુંમકું આણી આલો માણસ માસ, તો તમ હો સાચા દાસ;
આજ મુખી એક દીન હુઆ, માંસ માંગે અમારી રૂહા.
રે તુંહી...
માંસ મુખી હમકું દીયો, તો આનંદ હોવે આજરે;
પીર શાહાકું પીછાણો, તો સરે તમારાં કાજરે. ૧૦
પીર શાહાકું પીછાણોરે આજ, તો સરે તમારા કાજ;
ગુરનર ગતમાંએ આયા, જેણે પીછાણ્યા તેણે પાયા;
ગુર શમસ પરતક દેવ, તમે કરો હમારી સેવ;
સાહેબ મીલનેકો યેહ ભેદ, દયા ધરમ જુઓ વેદ;
દયા ધરમ દીલમાંહે આણો, પીરશાહા રદેહ પીછાણો.
રે તુંહી...
પીર શાહાકું પીછાણો, ભાઇ છોડો દુનીઆની આશરે;
ગુર ગીનાને ઓળખો, શાહા હુએ તુજ પાસરે. ૧૧

સાચા સાહેબ હુએ તુજ પાસ, ગુરૂ જ્ઞાને દેખે દાસ;
દાસપણો દીલમાંહે રાખો, દીલ પાકે દસોંદ આપો;
કીરીયા સાચી કરજો આજ, અમરાપુરીનો પામો રાજ;
રાજકાજ સરવે આવે, સાચે મને શાહાને ધીઆવે;
શાહા કરસે તમારાં કામ, આપશે અમરાપુરી ઠામ.
રે તુંહી...

અમરાપુરી તમકું, ગુરે દેખાડી વાટરે.
જે ઓલખે એક મના, તે ઉતરે વીસમી ઘાટરે. ૧૨
સતપંથ વાટે સુધ્રા આવે, સત વિના શાહા ન પાવે;
સ્વાસ ઉસાસે અમર રહીએ, અંતર વાત હરીશું કહીએ;
હરી હુએ શીસ્ટકા કીલતાર, સાહેબ હુએ જીવુંકા દાતાર;
કરણી કરે આપે નીસ્તાર, ધીયાન રાખો તો ઉતરો પાર;
અમુલખ વસતુ આપે ખોલે, નહી કોઇ આવે ઇસકે તોલે.
રે તુંહી...

સબ જુગ તોલે તોલેઆ, અને સતપંથ સુધી વાટરે;
સાસ ઉસાસે સમરો, હરીસું અંતર કરો વાતરે. ૧૩
અંતર આછા એહી રેહવે, દુખ સુખ સાહેબસું કહેવે;
એક મને ધારણે રહેવે, આખર એક તુંહી તુંહી કેહેવે;
સદા ઉપવાસી સાચા હોવે, પાક નજરે સંસાર જોવે;
સંસાર સાગર ઇયું ઉતરણા, જીવી જીવી આખર મરણાં;
સાચા મરણા માંએકા કહીએ, યું કર શાહા અપના લહીએ.
રે તુંહી...

શાહા પાયા આપના, અને સરવે સુખ આનંદરે;
સંસાર સાગર ઉતરીએ, પામીએ પરમાનંદરે. ૧૪
પરમાનંદ પીયુકા નામ, હર હરજી તે અંતર ગીનાન;
ગુરનર એક કરી જાણો, પીર સાહેબ સહી પરમાણો;
બોલેઆ શમસ ગુર જ્ઞાન, રખીસર આલો સતસું દાન;
સત કીરીયા સુકરીત લીખાવે, ફલ અમુલ વઇકુંઠ પાવે,
પીર પાસે મુરીદ ન આવે, તબ પીર મુખીકું કાહાવે.
રે તુંહી...

પીર પરતક બોલેઆ, સુણો રખીસર સારરે;
સંસાર સાગર માહા જગ હુએ, સો કેમ ઉતરશો પારરે. ૧૫

મીલી બેઠા જણા બે ચાર, મુખી પીરસું કરે વીચાર;
પીર સાહેબ કરો મઇયા, ગત ઉપર આણો દયા;
આજ દીન બે પુરા થઈઆ, માણસ માંસ તમકું કહેઆ;
માણસ માંસ કીયાંથી મલે, દુખ સઘલા ગતકું ટલે;
ગત સઘલી આધીન રહેવે, મુખે સહુ પીર શાહા કેહવે.

રે તુંહી...

પીરશાહા પાર ઉતારો, અમે ઉણીયા ચારી આજરે;
માવજી મેહેર કરો, તો પુગે સઉના કાજરે. ૧૬

મુખી પીરસું અરજ કરે, ગત સગલી પીયુ મન ધરે;
પીર સાહેબ બોલેઆ આપ, હમકું આલો માણસ માંસ.
માંસ આલો હમારા દાસ, તેને હોવે વઇકુંઠ વાસ;
વઈકુંઠ વાસ અમર ઠામ, તેના સીધ્ધા સરવે કામ;
કામ કરે ઉનકા અલ્લા, પીર વચન એસા બોલા.

રે તુંહી...

મુખી પાએ મત પડો, આજ ન મીલીયા તો કાલરે;
આપણે ઇલલ્લા ભેજશે, તબ હોવેગા ફલરે. ૧૭

મીંતુ મીલનેકા કીના ચાવા, જેણે છાડીઆ સબઇ સાવા;
સરવે સવાદ હુએ દોજક કેરા, ફીરી ફીરી ફીરીઆ ફેરા;
જે કોઇ બાંધે સતકા સેરા. ઉનકું કીયું પડે ફેરા:
જે કોઇ સીર ઉગારી ચાવે, સો બોહતેરા ફેરા ખાવે;
જીને મીંતુસું મીલના હોવે, સો સારી રેહેણી કયું સુખસું સોવે.

રે તુંહી...

ફેરા પડેઆ ઉનકુ, જેણુ મીંદર કીયા દુરરે;
દીન ઉગમીઆને આથમીઆ, ઉપર આવેઆ સુરરે. ૧૮

ઐયું કર ઉઠી ગએયા, પીરકે પાસે કોઇ ન રહેઆ:
સહુ અપને ધંધે લાગા, કોઇ ન કરે શીરકા સાટા;
સીર સાટે પીયુ મીલે, દુનીઆ ધંધા સબ ટલે;
દુનીઆ ધંધા હો વેપારી, સો કીયું કરે શાહાસુ યારી;
સાહેબ હુએ સદા ગીઆર, દુનીઆ છોડે પડે પાર.

રે તુંહી...

દુનીઆ દુરીજન દુર કરો. માયામાં ન લાવો ચીતરે;
શીશ ધરણીએ ધરો, તો પામો આપણા મીંતરે. ૧૯

દીન ઉગેઆ સો આથમેઆ, જે કોઈઆએ સો ન રહેઆ;
મીંતુ કસણી જગમાંએ આણી, પ્રીત પીરુની વીરલે જાણી;
જુઠા મનમાં કરે વિચાર, ફોકટ કીધું કર પાવે પાર;
સહુ કરે હરીસું ચાવા, દેખ દીખાવે અંતર નહિ ભાવા;
મુખે જપે હરીકા નામ, દીલથી ન ઉતરે દામ.

રે તુંહી...

દામ દીલથી છોડીએ, અને લીજે હરીકા નામરે;
અવીચલ અમરાપુરી છે, પામે વઈકુંઠ ઠામરે. ૨૦

પએલા સીરકા સાટા કરણા, સીર ઉતારીને પગલા ભરણા,
હરદમ બંદગી હરકી કરે, સદા ધીયાન શાહાકા ધરે;
અંતર ઉદાસી આછા રેહેવે, રોમે રોમે શાહા શાહા કેહવે;
એસા મીંતુ મીલના કીજે, હરીરસ તબજા પીજે;
હરી નામ હરદમ લીજે, નામ સાહેબકે દેહીયા દીજે.

રે તુંહી...

દયા ફુલ સુફલ હયે, માયા મમતા મોટરે;
જેતી દુનિઆ ચાવે, તેતી આવે ખોટરે. ૨૧

જબ તીસરા દીન થયા, ચંદ્રભાણ પીરકું કહેઆ;
પીર સાહેબ સામુ જોયા, સનમુખ શાહાકું કહેઆ;
પીર પાસે ઉભા રહેઆ, કુરબાની અમારી દેહા;
દેહી કરૂં અમારી તાજ, હુકમ કરો હમકુ આજ;
તબ પીર થયા રલીયાત, પરગટેઆ ફીરસ્તા સાત.

રે તુંહી...

સાત ફીરસ્તા આવેઆ, અપને પીરકે પાસરે;
બુજરક ખડા આવેઆ, ઉભા ચંદ્રભાણ દાસરે. ૨૨

પીર આપે થયા રળીયાત, પરગટેઆ બુજરક સાત;
મીલી બેઠી ગત જમાઅત, તબ પીર બોલેઆ આપ;
મુખી સાથે પીરે કીધી વાત, મુખી લાઓ મરદકા માસ;
માંસ લઇ હમકો આલો, તીસરા રોજા હમકું ટાલો;
મુખી કેહવે પીરકે પાસ, કીયું લેવે પારકા માંસ.

રે તુંહી...

માંસ ન મીલે ગુરજી, રોજા ખોલો આજરે;
ફીરસ્તા સરવે ઉભા રહેઆ, બીજી ગત જમાથરે. ૨૩

ચંદ્રભાણે ચીત વીચારી, સબ ગત મીલી છે સારી;
દુનીઆ લાલચ સહુને લાગી, કોઈ ન વીચારે પીરકી ગાલી;
ગુરનરનું રૂપ પીછાણ્યા, સતગુર શમસ તે જાણ્યા;
ભકત હેત ધરીને બોલેઆ, મુખી સાથે પડદા ખોલેઆ;
મુખી લીઓ અમારા માંસ, હમકું કરો હરકા દાસ.

રે તુંહી...

મુખીને ઇચું બોલેઆ, આયા પીરકે પાસરે;
ઉઠી અરજ કરે, ઉભા ચંદ્રભાણ દાસરે. ૨૪

પીર કહે મુખી પયદા કરો, સીર કાટી આગળ ધરો;
હમકું માસ આણીઆલો, બીસમીલ્લા ભણી કાતી નીકાલો;
તબતો મુખી મનમાં ડરેઆ, બાત લઇને દીલમાંહે ધરીઆ;
હાથ જોડી ઉભા રહેઆ, પીર આગળ કછુ ન કહેઆ;
ગુરજી કહે સબ તમામ, તબ બોલેઆ ચંદ્રભાણ.

રે તુંહી...

ચંદ્રભાણ ચીત ધરી, મનમાં લાવી વાતરે;
પીરકું પાએ લાગી કરી, કાતી લીધી હાથરે. ૨૫

કાતી લઇને કરે સલામ, ગુરજી કહો સબ તમામ;
કાતી દાએ ધરીઆ હાથ, ફીરસ્તા ઉભા સાતો સાત;
સાતે ફીરસ્તા સનમુખ રહેઆ, શાબાશ ચંદ્રરભાણકું કહેઆ;
આશીષ આપે અનંત અપાર, ગુરજી કહે હમારા દાસ;
માણસ સઉ ઉઠી ગયા, મન થીર કીસીકા ન રહયા.

રે તુંહી...

માયા છાંડી મનથી, અને કાતી વાએયા આપરે;
ચંદ્રભાણ સીર કાપેઆ, ઉભા પીરકે પાસરે. ૨૬

સાતે ફીરસ્તા કરે સલામ, વીમરસ પીરે ધરીઆ નામ;
વીમરસ તો આપે વીરોધીઆ, માયા મોહો નહિ કાળ ક્રોધ;
ચીત મન શાહાપર લાયા, જેણે આપી અપણી કાયા;
કસોટી પુરી ખરી આજ, મન થર રાખો તો સરે કાજ;
વીમરસ વાણી સઉ બોલે, ભગત નહિ કોઈ ઇસ્કે તોલે.

રે તુંહી...

ભગત ભાવ એસા કરો, જેસા વીમરસ તોલરે;
કાતી લઇ શીર કાપેઆ, પીરે આપીઆ બોલરે. ૨૭

વીમરસ હુઆ ચંદ્રભાણ, તીસકા હુવા સાચા ઈમાન;
ભગત સાચા એહ પરમાણો, જ્ઞાન ગુંજ વીમરસ જાણો;
સુખ દુખ કીસે ના કેહેવે, એક નામ સાહેબકા લેવે;
વીમરસ એ એંધાણે જાણો, દયા ધરમ દીલમાં આણો;
સુરીજન અપના પાઓ, ચીત સઘલા ગુર પર લાઓ.
રે તુંહી...

સુરીજન તો મીલે, અને સીર કરીએ તાજરે;
જ્ઞાન હોવે દીલમાં, સરે તેના કાજરે. ૨૮

સુરીજન અપના હે દાતાર, જીસથી પાહીએ પેહેલે પાર;
ચીતમાંહે ચેતી વણજ કમાઓ. જીસ વણજથી નફા પાઓ;
વણજ કરો એ વણજાર, માનખા દેહી ન આવે વારોવાર;
વીમરસ આપે વીરોધીઆ, સીર અપના હાથે કાટેઆ;
ચંદ્રભાણે વીમરસ પાયા, તબ શાહાકા દરશણ આયા.
રે તુંહી...

દરસણ પાઈએં શાહાકા, આયા અંત દીદારરે;
વણજ એસા કીજીએ, જે ટલે સોંસારના સંતાપરે. ૨૯

સંસાર બીચ હએ વીસમી ઘાટ, જીનકું સુજી સુધી વાટ;
ઉતર ગયા સો વીસમી ગાટ, સતપંથ હએ સુધી વાટ;
અંતર ચેતના એ ખંડા ધાર, ચલ ઉતરીઆ સો પેલે પાર;
પાર પામો હરીજન અપના, વીમરસ રાહા દેખો તપના;
એસી કોણ કરે ગાલી, આખી કાયા ગુરકું આલી.
રે તુંહી...

ગુર કહે વીમરસ કરો, અને કાયા કરો તાજરે;
વીમરસ વીગતે વરો, ભકત કરો આજરે. ૩૦

ફીરસતા હતા સાત, સાહેબ તણી સુણો વાત;
વાત વીગત તે દીલમાંહે આણી, સગલી વાત તે દીલમાં જાણી;
ફીરસ્તા આવીને અરજ કરે. પીરકી જીભીયા તોએ ન ફરે;
વીમરસ લે ધરમાં જાવે, ચંદ્રભાણ કોઈ ન થાવે;
એસી બાત કરે છે આએ. એની કાયા અમર થાએ.
રે તુંહી...

અમર કાયા એનકી, ગુરજી કરો કબુલ રે;
ગત સગલી જોઈ રહી, એસા બાલેઆ બોલ રે. ૩૧

લોક નીંદા કરે છે ઘણી, આશ પોતી પીર તણી:
ચંદ્રભાણ ભગતી જાણી, ભગતી તણી બોલે વાણી;
આપણે નીંદા સહુ કરતા, ભગત સાચા દીલમાંહે હોતા;
કોઇ કે અપને મટેઆ દુખ, પીર સંતોખેઆ ઉપના સુખ;
ચંદ્રભાણ કું ઉપની ગાત, પીર કહે સારી બાત.

રે તુંહી...

ભગત બડા બોહોત થા, ઉનકું ઉપની ગાતરે;
પીરે કરોધ કરેઆ, તાકુ મીલેઆ માંસરે. ૩૨

ફીરરતા તે રસોઇ કરી, પીરકે આગલ આણી ધરી;
ધરી આપે અલગા રહેવે, જમાથ તેડી મુખીકું કહેવે;
ભગત આપણા મરી કેમ જાવે, ખાણા ખાવે જો ચંદ્રભાણ આવે;
અબતો મુખી મંગાવી દીઓ, નાહીંકા ખાણા તમારા લીઓ;
હમ ખાણા એસા નહિ ખાવે. ઉનકું લઇ વઇકુંઠમાં જાવે.

રે તુંહી...

મુખી મન વીમાસીઆ. ગતસુ માગે શીખરે;
એમ કહી ઉઠી ગયા, જણા દસ વીશરે. ૩૩

કોઇ ન કરે પીરસું ગુજ, એસી ન આવે કીનકું બુધ;
ઉઠી ગયા ગત જમાથ, આવી ઉભા ફીરસ્તા સાત;
પીરે તબ આખી બાત ભગત ઉપર આણી ગાત;
અબ દીસે કરો તઇયાર, બાહેર ઉભી ઉનકી નાર;
નારી મન કરો રળીયાત, ફીરસ્તા ઉઠીયા સાતો સાત.

રે તુંહી...

ફીરસ્તા તબ લાવેઆ, અને ચંદ્રભાણકા હાડ ચામરે;
લેકર પીરકે પાસ ધરેઆ, અબ કરો એસકા કામરે. ૩૪

પીર તબ આપે બેઠા, આપ દ્રષ્ટે એસા દીઠા;
નુરે વરસે અમીજલ ઉઠા, ચોરાશીકા ફેરા છુટા;
હુકમ એક અલ્લાને ભેજેઆ, સરગે ઉનકા ખુતા નેજા;
અમરાપુરી ઉનકા વાસ, અબ હુઆ હમારા દાસ;
અરશથી ઉતરી હુર. વરસણ લાગા એહ નુર.

રે તુંહી...

નુરે મીંદર સમારેઆ, નુરે રચીઆ આસમાનરે;
નુરથી સતગુર નીપના. તેના ગુર શમસ નામરે. ૩૫

પીરૂ શમસ આપે બોલે, નહીં કોઇ ઇસ ભગતકે તોલે;
ચંદ્રભાણ હુઆ સજાણ, વીમરસ પીરે ધરીઆ નામ;
ઉઠો ભાઇ અવાજ કરેયા, તબ દેહી નુરાની ધરીયા;
વર પાયા વીમરસ આજ, ઉનકા પુગા સઅલા કાજ;
વીમરસ તબ ઉભા રહ્યા, પીર શાહાકું સલામ કરયા.
રે તુંહી...

સલામ કરે શાહાકું, અને પીરકું લાગે પાયરે;
ગુરે ઉનકું ઉઠાડીયા, સબ મુખ દેખણ જાયરે. ૩૬
જે કોઇ દરસણ કરે ઇનકા, આજ ફેરા ટળે તીનકા;
ફીરી ફરી આવે પીરકે પાસ, એ છે હરીજન શાહાકા દાસ;
અપને સમજી જો એતી બાત, તો સીર ઉતારી દેતા હાથ;
અબતો વેરા વહી ગઇ, અપના પીર બેઠા સહી;
સહાંઇ સમરણી હાથે કીજે, મુખે નામ હરીકા લીજે.
રે તુંહી...

હરી અપને પાસ હુએ, કાંએ જાએશે દુરરે;
પાલવ ગીરહી રહીએ, તો વરસે નુરે નુરરે. ૩૭
પીર શમસ ખાણા ખાયા, વીમરસકું નુર આયા;
વરતાવે સઘલી જમાથ, ખડા હુઆ ફીરસ્તે સાત;
સાતે ફીરસ્તા ગયા વેમાન, વીમરસ ગયા આસમાન;
ખેલ ખેલાવી લાવીઆ વીર, સહુ કોઇ આવીને પુછે પીર;
સરવે આવીને કરે સલામ, વીમરસ ગયા આસમાન.
રે તુંહી...

વેમાને બેશી કરી, પોતા આપ દુઆરરે;
પાસે આવી પરગટેઆ, જ્યાં છે એની નારરે. ૩૮
સરવે એનકું કરે સલામ, વીમરસ પીર કહેવે નામ;
ભગત આપે હુઆ વેમાન, ગુરથી પાયા વર દાન;
તુઠા હરી આપો આપ, સરવે જુગના ગયા પાપ;
સીર સાટે સાહેબ લીયા, હાથે કરી આપે સીર દીયા;
તબ જા અમીરસ પીયા, વેમાને બેસીને વર લીયા.
રે તુંહી...

ભગત વર પામેઆ, અને કસોટી કસી આપરે;
જાહેર જુગ દેખતા, સીર કર્યા તાજરે. ૩૯

એસા મોમન સાચા કહીએ, માંહેકા ભેદ તબજા લહીએ;
ગુરનર આપે વણજારા, મઢીમાં બેઠા પીંઢત સારા;
પીંઢત તે જે પરખે ભેદ, કરે આપ કાયા છેદ;
નીંદા જુઠ કરોધ ન હોય, પીંઢત સાચા કહીએં સોય;
સાચા ભેદ માંએકા કહીએ, શાહકા દરસણ તોબા લહીએ;
રે તુંહી...

પીંઢત પડયા બોહોત કર, અને સાચા ન લીયા શેરરે;
જે બોહેતેરા દોડેઆ, તે પડીઆ મોટે ફેરરે. ૪૦
માયા મમતા મનથી કાડો, દયા ધરમ દીલમાંહે આણો;
સરવે સુખ સંસાર વીસારો, ગીનાની તમે ગીનાન વીચારો,
ગુરકી સંગત પાર ઉતારે, જે કોઇ અપના શાહા ન વીસારે;
જે સાચી ભગતી કરશે આજ, શાહા કરશે ઉસીકા કાજ;
ભગતી ભાવ દીલમાંએ ધરીયે, અવર નીંદા કીસકી ન કરીયે.
રે તુંહી...

સાચા સાહેબ આપણા, સો હરી હુએ તુજ પાસરે;
જુગ દેખે દામકુ, અંતર પીયુકા વાસરે. ૪૧
અંતર રેહેવે શાહાસું જુગતા, કસણી કરે તો પામે મુગતા;
સતગુર પરતક દેવ, સતસું કરો સાચી સેવ;
એક મન ગતમાં મીલીએ, પર સ્ત્રી માતા ગણીએ;
પાક દીલસું દાનજ દઈએ, જીકર ફીકર રેહેણી રહીએ;
દુનીઆસું દીલ ન ધરણા, સબકુ આખર મરણા.
રે તુંહી...

દુનીઆ લોભ કીજીએ, આખર પસ્તાયરે;
મરણે પેલા જે મરે, દરશણ શાહા પાયરે. ૪૨
દરસણ શાહકા પાવે આપ, જાવે સરવે જુગના પાપ;
અમરાપુરી ઉનકું હોવે, સાતે સરગ વઈકુંઠ જોવે;
સરવે સુખ સરગ માણે, ભરમંઢની રદ આણે;
આણી ઉનકે ઘરે ધરે, અવીચળ દરૂઉને વરે;
દરૂઉ કરે અવીચળ રાજ, સરવે સીધા ભકતના કાજ.
રે તુંહી...

ભગત વર પામેઆ, અવીચળ થાપી રાજરે;
શાહા દરસણ પાયા, સરીઆ સરવે કાજરે. ૪૩

કાજ સીધાં કસણી કરી, સાહેબ નામે ભગતી ધરી;
એક મનેથી જપીઆ જાપ, હરી મલીઆ આપોહી આપ;
લોહો થંભ માંએથી ઉગારી લીઆ, નરસી રૂપે હાથ દીઆ;
પહેલાજ કસણી સહી આંચ, હરીએ હેતે દીધી વાચ;
સરીઆ સરવે તેના કાજ, આપેઆ છે અવીચળ રાજ.
રે તુંહી...

ભગત વર પામેઆ, કસ કરી સારરે;
પેલાંજ પ્રીત બાંધી, ઉતરીઆ પેહલે પારરે. ૪૪

ઉતરીઆ વીસમી ઘાટ, જીનકું સુજી સતકી વાટ;
હરીચંદરે કસણી કરી, રામચંદ્રની ભગતી વરી;
રામ રૂપે હુઆ રેહેમાન, હેતે કરી દીધા દાન;
તારા રાણી રોહીદાસ, અમરાપુરી લીઆ વાસ;
દાસપણું દીલમાં ધરી, ત્રને જણે ભગતી કરી.
રે તુંહી...

કસણી સીર સહી, હરીચંદ્ર જાલે હાથરે;
રામચંદ્રજી પરગટેઆ, સતી તારા રાણી રોહીદાસરે. ૪૫

પંડવે કસણી કરી ખરી, દુખ સુખ દીલ ન ધરી;
ભગત નામ એસા જાણો, નામ જપતાં ઇમાન આણો;
જુજેસટણે જાલેઆ આપ, ગયા જુગા જુગના પાપ;
દ્રૂપતીએ ધરેઆ નેહ, કરશનજી ન દીઆ છેહ;
મુખમાંથી ન વીસારે વીર, ત્રાગડે ત્રાગડે પુરીયા ચીર.
રે તુંહી...

પંડવે કસ કરી, ભગત ધરીઆ નામરે;
વેમાને બેસી આવેઆ, તરૂઠા કરશન કાનરે. ૪૬

પીરે સમરણ કીઆ આપ, પીરશાહા જપેઆ જાપ;
ભકત શાહાકા એસા કરેઆ, બાર કરોડ લહી વરેઆ;
તારણ રૂપ આપે કરેઆ, શ્રી ઇરલામ શાહા નામ આપે ધરેઆ;
શાહી સમરણ કરી આજ, સરીઆ સરવે તેના કાજ;
સીર સાટે સાહેબ પાયા. તબ શાહાકે દરગે આયા.
રે તુંહી...

દરગે આપ આયા, ઉતરીઆ પેહેલે પારરે;
કસ બહુ કસેઆ, ભગતી કીધી સારરે. ૪૭

સીરકા સાટા પએલા કરણા, પાક પવીતર દીલ ધરણા;
સંગ પીયાકે સબ દેણા, સુરત નીરત રેહેણી રેહેણા;
પીર વચને પાર ઉતરણા, ચોખા દીલ અપણા કરણા;
સતકી બાટે સદાઈ રહેણા, દીલસું પીયુ પીયુ કરણા;
એસી ભગતી કરોરે ભાઈ, તબજા પાઇએ રોસનાઇ.

રે તુંહી...

ઘટ કરો નીરમલા, તો સાહેબ હએ તેરે પાસરે;
દીલસું પીયુ પીયુ જપીએ, તો પુરે તમારી આસરે. ૪૮

સાચા સાહેબ નીશદીન સીરેવો, ઘટઘટ વ્યાપક સબ માંયે લેવો;
રોમે રોમે સાંહી પીઆરા, સબ દુનીઆકા કરે નીસ્તારા;
સુરીજન તબજા પાઇએ, મરી મરી ખાકજ થાઇએ;
માયા મમતા દીલસું છોડો, એક દીલ હોકર શાહાસું લોણો;
શાહા કરશે અપના કાજ, આપશે અમરાપુરી રાજ.

રે તુંહી...

નીશદીન સીરેવો શાહાકું, છોડો જુગની આશરે;
ઘટ અંધારા દુર કરો, તો સાહેબ છે તુજ પાસરે. ૪૯

આશા પુરે સાચા સાહેબ, જે ચાલે ગુરનરકે વાએક;
ગુરનર પરતક જાણો. પીરશાહાકું સત પીછાણો;
સેવા કરો ઉનકી ભાઈ, પીર શમસ કહે કરો કમાઈ;
ગુરજી જંપુ દીપે જાણો, શાહા દેલમ દેશે પરમાણો;
ગુરનર છે પરતક દેવા, નીત કરો ઉનકી સેવા.

રે તુંહી...

નવખંઢ સાત દીપમાં, સાહેબ હએ ભરપુરરે;
શાહા શમસ સીરેવીએ, તો વીઘન હોવે દુરરે. ૫૦

(ચંદ્રભાણુ સમાસ.)



૪

# વેલ ચંદ્રભાણની.

સતગુર શાહા શમસ જાણુ, આવી બેઠા છે પીરમાણુ;
તબ અલ્લા આપ કીલાવે, દરસણુ શાહાકા પાવે;
રાત દીવસ કરે પીરકી સેવા, સહુ મોમન લાવે મેવા;
ગુરસું રાખે બોત પીયાર, સહુ ગત મીલી છે સાર;
ગુરજી બોહુત દેવે ભાવ, પીર પાસે આવે અપાર.

રે તુંહી...

પીર પાસે સહુ મીલે, બોલે અમરત વાણરે;
આખર ઉભા રહયા, સેવક ચંદ્રભાણરે. ૧

ચંદ્રભાણુ ઉભા પીરકે પાસ, બડા બુજરક હુતા સાત;
શાહા શમસ હુંકમ કરેઆ, સાડી સાત કરોડ વરીઆ;
જાંહુ ઉતમ ચીણબ નગરી, ત્યાંથી બોધી આવો ફીરી;
પીર ફરમાન કરે એસા, ચંદ્રભાણ ગયા વિદેશા;
સુરજા રાણી હતી જ્યાં, આવીઆ ચંદ્રભાણ ત્યાં.

રે તુંહી...

પીર વચને ગયા, આયા અસુરકે દેશરે;
એલમ અનંત કહ્યા, લીયા સુફેત વેશરે. ૨

સુરજા રાણી હતી જ્યાં, ચંદ્રભાણ ગયા ત્યાં;
ભણે વેદ અનંત અપાર, સુરજા રાણી આયા બાર;
કર જોડી ઉભા રહ્યા, ગુર તણા વચન કહ્યા;
કરે પરણામ ચંદ્રભાણ, ગુરે દીઆ હે ફરમાન;
સુરજા રાણી સમજો આજ, તો સરસે તમારા કાજ.

રે તુંહી...

ગુરે ફરમાવેઆ, સાહેબ આપો આપરે;
ગીનાની એમ બોલેઆ હમ ઉનુંકા દાસરે. ૩

સુરજા રાણી સીર નામે, ચંદ્રભાણુ કેડ થાપે;
નીમ ધરમ પીરકે નામ, આપેઆ ભેદ ચંદ્રભાણ;
આઠ જણા ધરમાંહે મીલીયા, નીમ ધરમ ત્યાં આપીયા;
આપી દીધા કોલ અપના, સુરજા રાણી કરે તપના;
અમ પાસે આવી રહો, જ્ઞાન ગુર તણા કહો.
રે તુંહી...

પીર પાસેથી આવીએ, રહીએ તમારે ગામરે;
અબ હાં આવીઆ, સો પીરકે ફરમાનરે. ૪
તબ આયા પીરકે પાસ, પીરે આપી છે શાબાશ;
સરવે વાત પીરકું કેહેવે, સુરજા રાણી કે ઘરૂ રેહેવે;
ગુર કહે જાવો ઉનુંકે દેશ, રાખો ગરીબી સુકેૃત વેશ;
તબ બોલેઆ ચંદ્રભાણ, ખરા શાહાકા ફરમાન;
પીરે તબ આપેઆ કોલ, કોઇ ન આવે તારે તોલ.
રે તુંહી...

કોલ કરાર આપેઆ, દીઆ પીરે દેશરે;
ચીણબ નગરે આવીઆ, બેઠા સુકૃત વેસરે. ૫
સંવત બારસો હોતા જાણ, કોલ આપેઆ છે પીરમાણ;
છેલી સઘે અવતરજો, જ્ઞાન ગોટ બોહોત કરજો;
જે કોઇ સાંભળશે જ્ઞાન, તે આપશે દસોંદ દાન;
આગળ પામે પેહેલે પાર, કરે કીરીયા ધરમ આચાર;
તે રખીસર અપના ભાઈ, જે કરશે એસી કમાઈ.
રે તુંહી...

દસોંદ દાન આપીએ, લીજે પીયુકા નામરે;
દુનીઆ દુર કરો, પામો અમર ઠામરે. ૬
બારમી સદી સુધી આવો, ફીરી ફીરી જ્ઞાન કહાવો;
જે કોઇ સમજે અપના ભાવા, અમીરસ ઉનકું પાવા;
અંતર જીસકું સુજે વાત, સો ન કરશે તમસું ગાત;
જાતભાત ન જુઓ કાંહી, જો મીલે સો લાવો આંહી;
ચંદ્રભાણ હુઆ કણબી, કામ કરતા ચામ રંગી.
રે તુંહી...

ભગતી કરો ભાવસું, રાખો હરીસું હેતરે;
ચંદ્રભાણ ચીણ ગએ, તીસે વેશ સંકેતરે. ૭

ઉઆં ઉનકી દરગા બડી, સેવા કરે ચંદ્રભાણ તણી;
પીર પાક નબી કીલાવે, જે કોઇ મુસલ્લે નબીકે આવે.
અવર પીર ઓહોત કીલાવે, તીસથી સેંસો કબી ન જાવે;
મુરશીદ સાચા જો હોવે, તો સુખસું વઇકુંઠ જોવે;
પીર પેકાંબર જે કીલાવે, તે સબ કરણીએ ફલ પાવે;
રે તુંહી...

જો કરણી કમાવો, તો જાવો જીનત ઠામરે;
રેણીસુ રજની કરો, છોડો દુનીઆ દામરે. ૮

આલ ઇમામ જે કહીએ, દસોંદ દમડા તે દઇએ;
કમલા ધમલા બે બેના, કમલા કુંઅર તણી નેના;
દોએ બેટી ઈનુંકી કહીએ, વાત વીગત તીસે લઇએ;
લોચન હુએ ઉનુંકી માતા, કરે સેવા સતપંથ રાતા;
દરગા તણી સેવા જાણી, દો બેટી માતા રાણી.
રે તુંહી...

સેવા કરો સંતતણી, લોક માન અનંતરે;
ગુર ફરમાને ચાલે, સાંભલે એસા મીંતરે. ૯

ગુરનર જુગમાં આયા, પીરશાહા નામ જપાયા;
દરસણ સહુને સરખા, પીર શમસ કરે પરખા;
ગુર શમસ કહી સમજાએ, ભેદ કોઇક વીરલા પાએ;
આલ ઇમામ ઓળખો આજ, તો તમારા સરસે કાજ;
પીર મુરશીદ જેતા કાહાવે, સો સબ શાહા દરગે આવે.
રે તુંહી...

દરગે જાઈ કરી, લીજે હરીકા નામરે;
પીરશાહા પીછાણેઆ, તીનકા પુગા કામરે. ૧૦

ચંદ્રભાણ વીમરસ નામ, અબ કહેઆ એસા કલામ;
શાહા શમસ ફીરી ફરમાવે, કલ સધે જુગમાં આવે;
આવી કેહવે ગુરકી વાણી, ન સમજે દુનીઆ અજાણી;
સુતક પાતક ઓઈ ટાલે, જે કોઇ જાઇ ઉનુંકુ મીલે;
ઉનકા નામ અલાહકા લાલ, આવેયા બહુ કલીકાર.
રે તુંહી...

કલીકાર આવેયા, આવી કરે પુકારરે;
કેવે ગીનાન ગુરકા, જે સમજે ઉતરે પારે. ૧૧

કલજુગમાં અનંત દેવા, જે કો કરે ગુરકી સેવા;
સો સુરીજનકું જા મીલીઆ, તીસે દુખ સરવે ટલીઆ;
કલજુગમાં દેવ અનંતા, રહેહ જાનો ઉનકે ખમતા;
મુનીવર તેજે વારેં મન, કરે કસોટી કાયા રતન;
પીર શમસ કંથી સુણાયા, ચંદ્રભાણ આપી આખી કાયા.

રે તુંહી...

કાયા આપી એકવાર, પાયા અનંત રૂપરે;
સોંસાર ઉતમ હુએ, જીયું સીરપર ખુપરે. ૧૨

(ચંદ્રભાણુની વેલ સમાપ્ત.)

# સુરભાણ.

## (પીર શમસનો રચેલો.)

સાચી વાટ સતકી કહાવે, સાચ વિના કો પાર ન પાવે;
કસ કસોટી રખીસર સેહેવે, કસણી વિના પાર ન લેહેવે;
સાચી વાટે સુધા કહાવે, પીરશાહા વિના પાર ન પાવે;
સાચી વાટ જગમાં કહીએ, કસોટી વિના પાર ન લહીએ;
સાચા સુધા જગમાં રહીએ, વીખડા મારગ એમ લહીએ.

રે તુંહી...

વીખડો મારગ દોહલો, કસ કસોટી સાચરે;
ડર પીયુનો લાવીએ, છોડો ભીરાની આશરે. ૧

જુગ ધુતારી એહી દેહા, એણે ખોઇઆ પીયુસું નેહા;
સાચા સુધા રખીસર કહાવે, ગુરનર વિના પાર ન પાવે;
તત્વ રેણી જુગમાં આણી, ભુલી મ જાઓ મુરખ અજાણી;
પીરીત કરો પીયુસું ધેઆન, ગુરનરસું રાખો ઈમાન;
તેને સાચા રખીસર કહીએ, મોહ માયાસું દુર રહીએ.

રે તુંહી...

મો માયા બલી જાસે, કાં થાઓ નિરાશરે;
એક મના સીરેવીએ, જુગના ઉતરે પાપરે. ૨

કસણી કરે દોજક ન જાવે, વચન સીર ઉપર લાવે;
સાચા મારગ પીયુસું રહીએ, પ્રેમ પીરીત માંએ લહીએ;
અપની દેહી અગન બાહીએ, ખરી કસોટી પીયુસું લાહીએ;
ચીતમાં ચેતી વણજ કમાઓ, વણજ કરો ભેસતે જાઓ;
પ્રીતે દેહડી આપ કસાવો, કસ કસોટે સુરીજન પાઓ.

રે તુંહી...

કસોટી કીજે જુગમાં, સરવે જાવે પાપરે;
આલ ઈમામ સીરેવીએ, સોહેલા હોવે આપરે. ૩

રાત અંધારી જેજે કરશે, અંધારે ફુલ કેમ લેશે;
રખીશ્વર કરણી કમાવો, સાંહી આપણાને તો જા પાવો.
સત સબુરી આપ રહીએ, માદનમાં એ મીલી સહીએ;
વીખડી વેલા પંથ દોએલા, શાહા નામેથી પંથ સોહેલા;
સાચી વાટે સુધા રહીએ, ખરી કસોટી પીયુની લહીએ.
રે તુંહી...

ખરી કસોટી સહીએ, તો ચઉદા પાવે મુલરે;
મુનીવર એસા લોણીએ, જોજો રદામાં ખોલરે. ૪
ખરી કસોટી પીયુની કીજે, અમરાપુરીના વાસો લીજે;
પીરીત પતંગીઆ એસી કરે, દીપક જોઇ આપે મરે;
દેહી ન રાખે આપ જલાવે, એસી પ્રીત પતંગીઆ કાવે;
આપો આપે જનમ ગમાવે, સાચા સંતીઆ સોહી કીલાવે;
આપું તરે અવર તરાવે, સત કસણી વઇકુંઠ જાવે.
રે તુંહી...

અગન સહીએ પીયુની, કદી ન હોવે નીરાશરે;
સુલી ઉપર નાચણા, ખેલો ખેલણહારરે. ૫
આપે તરે અવરાને તરાવે, કાલ કરોધ માંહેથી મારે;
ખરી કસોટી આપ કસાવે, તો જા મુલ ચઉદા પાવે;
વીખડી વેલા ચીત ન ડુલાવે, જાણી જોઇ કાં જનમ હરાવે;
દયા કેરો ધરમજ કીજે, યું આપણા સાંહીઆ લીજે;
વઇકુંઠના વણજ કમાવો, સતની અગન આપ જલાવો.
રે તુંહી...

આંચ ખમો પીયુની, વશીએ પીયુને પાસરે;
વણજ આવીયા જુગમાં, કાં જાવો નીરાશરે. ૬
પરગટ દેખો સાચ કમાવો, જેવા જાણો તેવા ધીઆવો;
ચીત સગલા શાહાપર લાવો, અપને શાહાકા દરશન પાવો;
કલમા તાળા કલમા કુંચી, સતકી બાટાં સબથી ઉંચી;
ખરી કસોટી શાહાની લેવે, ખરી દસોંદ દીલસું દેવે;
દુનીયાંસું પ્રીત જે કરશે, કરણી કરે કાજ ન સરશે.
રે તુંહી...

સાગણ કીધી લોકમાં, ગઉનો છાણ અડાએરે;
નરગ પાથરણું કરે, કેમ અમરાપુરી જાએરે. ૭

પારકી નારી મા બેન કહીએ, ખરી આંચ પીગુની લહીએ;
મરતક દુનીયા માંએ રહીએ, જરા મરણકા ભે ખોઇએ;
એસી દુનીયા દુરીજન કીજે, ગું અપના સુરીજન લીજે;
દુનીયા લોકમાં જે ભલશે, તે તો આવા પાખંડ કરશે;
ભરામણ પાખંડ કરશે, દુનીયા સારી પાખંડ કરશે.
રે તુંહી...

ભીરામણ જોશી તેડયા, અરણના દાન અલાએરે;
કાલે મોઢે કાઢેઆ, લોઢાના માર મરાએરે. ૮

સાચા મારગ સતકા કહીએ, અપના જીઅસું રણી રહીએ;
એસા કીજે સુરીજન લોકા, સતસું કીજે સુરીજન ભોગા;
સુરભાણ કેરી સુણીએ બાતાં, રાત દીવસ ગુરકે સાથા;
નેહુ બંધાણા એસી બાતાં, સત મારગ ન કીજે ધાતાં;
પીરીત બંધાણી સાચા સાથે, સાચ વિના ન આવે હાથે.
રે તુંહી...

ભગત કસણી સીર ધરી, ગુર વચન સીર ચડાયરે;
નાત પરનાત ન શોધવી, રંગ રૂપે તો ન સોહાયરે. ૯

મુજે દુનીયા કોઇ ન ભાવે, સાચ વીના પીગુ ન પાવે;
મુરશીદ બોલે એસી બાતાં, સુરીજન વરીએ સાથાં;
વરીઆ વિના ન આવે હાથાં, બાતાં કીજે સુરીજન સાથાં;
એસી બાતાં સુરીજન કેરી, હમ વરીએ સુરીજન શેરી;
એસા કરણા પીગુસું ચાવા, અમે ન જાઇએ દુનીયા સાવા.
રે તુંહી...

જાતાં મારગ જે મીલે, તેની કરજો આશારે;
મનમાં ચાવા કીજીએ, તેથી ઉતરીએ પારરે. ૧૦

સતગુર બોલેયા તે સુણીએ, પરણે વિના દોજક પડીએ;
બાસા બંદા ઉનકું કહીએ, વાત વીગત ઘરની લહીએ;
એવા ચાવા ભગત કેરા, વરશો નહિતો પડશે ફેરા;
સગલા કામ ઓરત કેરા, વાટ દેખાડે મરદ સવેરા;
મરદ નારીને વાટ દેખાડે, જો વરશો તો પંથ સમારે.
રે તુંહી...

જો વરે સતસું, સતસું લોઢા જાયરે:
સતે પાર લંગીએ, સતે ન ચાલો કાંએરે. ૧૧

જો વરશો તો પંથ ચડશો, સત વિના દોજક પડશો;
વચન સુણો સતગુર કેરા, ન વિચારો તો ફીરફીર ફેરા;
સતગુર સહી કરી માનો, સાચા વચન સહી પરમાણો;
સાચા મારગ સાંહીસું કીજે, સાચ વિના પીયુ ન લીજે;
અપના પીયુસું ચીત દીજે, યું કર આપણા સાંહી લીજે.

રે તુંહી...

રાત સારી બંદગી કરે, સવારે ઉઠી જાયરે;
ખોલે દરવાજે જે મીલે, તેથી ચીત લગાયરે. ૧૨

પોળ ઉઘાડી મારગ ચાલ્યા, દાતણવારીએ લઈ બુલાવ્યા;
દાતણ લીઆ મરદ સોહાગી, સત સબુરી સતસું જાગી;
દાતણ આલો કીસકે ચાવે, ઘરમાં દીએ તમારે ભાવે;
જો મન ભાવે તો બાતાં કીજે, નહિ તો ચાલતાં પુઠી દીજે;
મનમાં કીના ઓરત ચાવા, ઘર માંડીએ અપને ભાવા.

રે તુંહી...

ઘર માંડો મુનીવરો, સતગુર કહે પુકારરે;
ઘરમાં રહી કમાવીએ, સુનો મુનીવર સારરે. ૧૩

એસી બાતે પ્રીત બંધાણી, ઘર આણી કર ધણીઆણી;
સાચી વાટે પીયુ ઘર આવા, હરખ ઉમેદ લે પુર નાવા;
મરદ ઓરત એસા ચાવા, મઢીમાં બેસાડી અપને ભાવા;
ઓરત મેલી મરદ સધારા, સત સબુરી તોય ન હારા;
ફીરી એસા ચાવા કરેઆ, સતગુર વિના ઘડી ન રહેઆ.

રે તુંહી...

સતગુર સેવા કીજીએ, તો લંગીએ પારરે;
સતપંથ પુરો સરેવજો, દેહી ન આવે દુજી વારરે. ૧૪

પીયુ વિના ઘડી ન રહેના, ગુર વચને જીવડા દેના;
બોહોત બોહતેરી પ્રીત બંધાણી, ગુરનર વિના કોય ન જાણી;
એકદીન જોયા ઇસકા નેહ, કબુ ન દીયા શાહાસું છેહ;
પરણેઆ પણ ઘેર ન જાએ, ઘરની ફીકર તીલ ન થાય;
ખાણા પીણા તીયાંથી જાએ, લે દુસરે હાથ મોકલાએ.

રે તુંહી...

હાથ ન મેલીએ પીયુ તણા, પીયુ પર જીવ કેરી આશરે;
આજ કસણી સહી કરો, આગળ અમરાપુરી વાસરે. ૧૫

જઇ શીખામણ એસી દેતા, આપે નામ પીયુકા લેતા;
ગુરકે દીલમાં એસી આઇ, દીલ ન ડરીએ બેની બાઇ;
સોહાગમાં વઇકુંઠ જાઇએ, ગફલતે કછુ ન પાઇએ;
સ્ત્રી કહે એસી બાતાં, અમે ન મેલીએ પીયુનો હાથા;
ઇતની બાત જઇને કહેજો, તમે અમારી ચીંતામાં રહેજો.
રે તુંહી...

સ્ત્રીકા મન વાલા, દેખાડેઆ અમને વાટરે;
ભુલણાકું બતાવીએ, ચાલીએ અપને સાથરે. ૧૬
રખે વીસારી સોંસારમાં રેજો, આપના દુખ સુખ શાહાને કેજો;
ચાંદ્રણ મારગ અમને આપો, વેનતી અમારી પીયુસું ભાખો;
બે જણા મીલી પંથ કમાઇએ, ચાંદ્રણ મારગ ચલ જાઇએ:
દુત્ર વીલોવી ગીરથ ન પાવે, અપણે દો જણા સુત્રા ધ્રાવે;
એસા ચાઉ હે ઓરત કેરા, ગુરજી પાવે સતપંથ કેરા.
રે તુંહી...

અમે આશા તમતણી, જપીએ સુરીજનહારરે;
ગુરના કહેઆ કીજીએ, તો ભવસાગર પાવે પારરે. ૧૭
જો અપને સતસું ધ્રાઇએ, તો એ પંથમાં કાંઇ પોસાઇએ;
એસા ચાઉ સ્ત્રી કેરા, એસા દીલ હે સતગુર મેરા;
કાંકણ બાંધો અમારે હાથ, અમે થાઇએ નીરમલ પાક;
સાચા નામ પીરશાહા આપો, શાહાકા નામ રૂદેહમાં જપો;
તેણે દીલ કીધો સાચો આજ, પંથ પામેઆ અવીચલ રાજ.
રે તુંહી...

ગુર વાચા દેહી તણા, મુનીવર રાખો ધીરરે;
વચને દેહડી આપીએ, સાર કરશે પીરરે. ૧૮
જપ તપ માંડીઆ જઈ, એસી બંદગી કીધી સહી;
પીયુ વિના અવર ન આણે, સઘલી બંદગી પીયુકી જાણે;
નર નારીકા એસા ચાવા, સતગુર સેવા સાચા ભાવા;
ખાસા બંદા પીયુજી કેરા, જડમુળ જાએસી વેલા;
બાહેર જુઓ કેતી હે રાતા, ગુરજી પુછે એસી બાતા.
રે તુંહી...

અબર પની બોત પેની, સુણો મુનીવર એહરે;
સુરભાણકું ગુર કહે, ચામ તમારી દેહરે. ૧૯

કરી સલામ સુરભાણ શોધણ ચાલેયા, એસા હુકમ સતગુર આલેયા;
હુકમ લઈને મારગ ચાલેઆ, બાહેર જાતા શંક ન આણેઆ;
સ્ત્રી મીલી મારગ માંહે, તમે કીયાં જાવો છો શોધવાએ;
સતગુર કેમ મોકલીઆ તમને, સગલી વાત કહોને અમને;
સ્ત્રી સુનોરે એસી બાતા, સતગુર નહિ રહેઆ અપણે હાથા.

રે તુંહી...

સુરભાણ સતીને એમ કહે, સતગુર કહે છે એહરે;
તમારી તજાનીઉ પનીઉ, ભાઈ તમે લાવો તેહરે. ૨૦

સતી સુરભાણને એમજ કહે, જો એક લાણ તું સતગુરની સહે;
તમે શું ખોળવા ચાલીઆ આજ, દેહડી તમારી શું આવશે કાજ;
તમે સતગુરને પુછો જઈ, નારી પનીઉ લાવું સહી;
નારી પનીઉ હોવે નરમ, તાહાં એવો સઘલો કહયો મરમ;
ગુરજી બોલે સબ તમામ, નારી પનીઉ ન આવે કામ.

રે તુંહી...

મરદ દીલમાંહે વીચાર કરે, તમે સુણો સતી એક ધીરરે;
હુકમે ખાલ કડાવીએ, જેમ રાજી હોવે પીરરે. ૨૧

તમારી દેહા કામ ન આવે, સારી દેહા શાહા પર લાવે;
આખર દેહા અગનમાંહે દેશો, એક તીલ આગ માંહે સુખ ન સહેશો;
સતીકા દેખો એસા ચાવા, નીત નીત હોવે અદકા ભાવા;
અમારી દેહડી ચુંકર લીજે, એક પલકમાં વાર ન કીજે;
તારે સુરભાણ સત વીચારે, ચુંકર અપની ખાલ ઉતારે.

રે તુંહી...

દીલ ન ડરો પથે ચાલો, તીલ ન કરો વારરે;
શાહાસું એમ બોલીએ, તો સતગુર કરશે સારરે. ૨૨

તારે સુરભાણ સતીને એમજ આખે, કહોતો લાવું બીજી જાગે;
ફીટરે મલુર મોહોના મેલા, એ શું વાત કરોછો ઘેલા;
એસે નેડ વાત બંધાણી, સતગુર વાચા પણ શુધ ન આણી;
પારકી દેહા કેમ લાવશો તાણી, તોએ દેહા શુત્ર લખાણી;
જો દેહડી હમારી આવે કાજ, તો ઘડીએક માંહે કરીએ તાજ.

રે તુંહી...

પીયુ કારણ સીર ધરો, એ સતકી વાતરે;
સ્ત્રી પકાવે સતસું, તો સરે તેના કાજરે. ૨૩

સુરભાણ લજાણા સતીકે બાતે, સત કરીએ તો આવે હાથે;
સુરભાણકી દેહા સારી, સુંકર અપની ખાલ ઉતારી;
સતી ધોવે લે જાવે પાણી, પીયુકે કારણ શક ન આણી;
દેહા ધોઇને રંગ ચડાવે, રંગ કારણે પોથી લાવે;
દેહા રંગીને આપે લાવે, ઘર મોચીકે લેકર જાવે.

રે તુંહી...

મોચી જોડા શીવી દીઓ, અને સુણો કહું એક વાતરે;
જે માગો તે આપીએ, અમારી સાચી વાતરે. ૨૪

મોચી બોલે એસી બાતાં. એ ચામ ન જાલીએ અમે હાથા;
જો દ્રવ્ય ખર્ચો તોએ ન થાયે આજ, અમારી એવી સાચી વાત;
પરઠણ કીધી સાંહીસું ભોગા, સતીએ કીધા સત સંજોગા;
તારે મોચી બોલેઆ એસી બાતાં, રખે દેતા અમને ધાતા;
સત મારગમાં ન દીજે ધાતા, અમે આવશું સવાપોર રાતા.

રે તુંહી...

સતગુરની વાતજ જાણીએ, તો દીલમાંહે ધરીએ સાચરે;
પીયુસું ચાવા કીજીએ, તો વશીએ વઇકુંઠ વાસરે. ૨૫

પીછલે ચોઘડીએ પનાયા દીજે, પરઠણ એસી ચોખી કીજે;
કારીગર કરવા માંઠી આજ, પરઠણ કીધી સતીએ કાજ;
સતીએ કાજ કીધો વીચાર, વીલંબ ન કીધી મીલી જણ બેચાર;
વાયદા પેલી તઇયાર કીધી, પાછલી છ ઘડીઆ પનાઇ દીધી;
પનીઆ લઇને સતી ચાલી, જાઇને અપણા ગુરને આલી.

રે તુંહી...

એ વસત લીઓરે ગુરજી, લાવી તમારે કાજરે;
પરઠણ કીધી સતસું, હવે કીરપા કરો માહારાજરે. ૨૬

તાહાંથી લઇને સતી ચાલી, ફીરકર જુએ નયણે નીહાલી;
રખે મેલો અમને વીસારી. સતી બોલી પણ સત ન હારી;
અમે આવશું સવાપોર ગાલી, તમે રહેજો સહુને ટાલી;
તારે સતી ગુરભણી ચાલી, હાથમાં પનીઉં દુર દેખાણી;
તારે અડવાણે પગે સતગુરજી આવ્યા, તમે કેમ અમારા ચાવા જાણ્યા.

રે તુંહી..

જેની દેહા લાવી હય, તે મરદ બોલાવો પાસરે;
પીછા ફીરકર દેખાયા, તો સુરભાણ ઉભા પાસરે. ૨૭

દો જણા ઉભા પાસો પાસ, સતગુરજી બોલ્યા એસી બાત;
તમે બેહેસ્તમાં જાઓ સતી સાથા, સતી બોલે તબ એસી બાતાં;
આગના આલો તો જાઇએ સાથે, સત રાખો તમારે હાથે;
અમને વાચા કારીગર કેરી, તેને કાજે અમે જાએશું ફેરી;
કરો દુઆ તમે સતજ કેરી, તાહાસું આવીએ સતસું બેલી.
રે તુંહી...
તે સાથી એવો કોણ કરે, જે આવી એટલી રાતરે;
જાઈ આંગણ બોલાવ્યા, તમે સાચી કરજો વાતરે. ૨૮
નર જાઓરે નાર વોરામણે, જઇને મેલો મોચીને બારણે;
બે જણા મીલીને સાથ સધાવે, જઇ મોચીના બારણા ઉઘડાવે;
બાહેર મરદ માંહે નારી જાવે, તારે મોચી એમજ કહાવે;
ઘરમાંહે આવ્યા આપણે સંજોગે, તારે મોચી બોલ્યા વેગે;
એટલી રાતે કેમ આવ્યાં વાટે, કોણ આવીઓ તમારે સાથે.
રે તુંહી...
તારે સતી એમ બોલીયાં, મેલવા આવીઓ અમારો કંથરે;
અમે સતગુર વચને આવ્યાં, તમે સાંભળો એવો તંતરે. ૨૯
તારે મોચી ક્રોધ દીલમાંહે લાવ્યા, એસા મરદ તેં બોહોત ચુકાવ્યા;
એટલી રાત ફીરી ફીરી આવી, બીજા પુરષને સાથે લાવી;
મોચી બોલે એસી બાતાં, અમને દેવા આવ્યા છો ગાતાં;
એવી દેહા તેં બોહોત ચુકાવી, હવે અમારે કાજે આવી;
એવો તારો કોણ સંગાતી; મેલવા આવીઓ કંથ સોહાગી.
રે તુંહી...
આંગણેથી બોલાવેઆ, તમે સાચી કરજો વાતરે;
પીયુ સંભારી ઉભા રહ્યા, ઓરત આવી સતને કાજરે. ૩૦
મોચી દીલમાં વાત વીચારી. એને પ્રીત પીયુની સારી;
ચાલી આવીઆ આંગણે ધાઈ, સત સબુરી ગુરથી પાઇ;
એવી વાત મોચીએ આણી, સતની વાત અમે ન જાણી;
અમે હતા આપ અજાણી, એટલું બોલીઆ તમસું તાણી;
સાચા મારગ સતના કહીએ, તમ મીલે વઈકુંઠ જઇએ.
રે તુંહી...
પીયુ સંભારી ઉભા રહ્યા, સાચા સુરીજન કાજરે;
શીશ કાપી આપીએ, મારા પીયુને આજરે. ૩૧

મોચી બોલે શર બે ચાર, પની કરાવી પીયુકે ભાવ;
ગોસ્ટી કરતા વાણું વાએ, સતી બોલયા સતજ ભાઇ;
આજ્ઞા આપો જાઇએ આજ, સતી બોલેઆ સતને કાજ;
મોચી બોલેઆ એસી બાત, હુમ તમ જાવે સાથે સાથ;
કોઇ ન જાણે એસી બાત, જણા ત્રણ આવે સાથે સાથ.
રે તુંહી...
એસા પુરખ કીજીએ, દીલની બુજે બાતરે;
પીયુ ઘર દુનીયા વીશે, પુરવ સતની આશરે. ૩૨
પુઠે નીંદા લોક કરે, ત્યાં એવા જીવ જરે;
જોડા જોડ પીયુ ઘર આવે, સત ચીત પીયુ પર લાવે;
જાઇ કરજો સતકા નેહા, સહી કીધી અપની દેહા;
તેણે સતપંથના ભેદજ જાણ્યા, ગુરનર ઉપર ઈમાન આણ્યા;
સાચી વાટ ઉનુને જાણી, ત્રણ થયા નીરમલ પાણી.
રે તુંહી...
ત્રન સતી ઉધરેઆ, દીલમાં રાખી ધીરરે;
કસણી કીધી સાચસું, નીરમલ થયાં શરીરરે. ૩૩
સુરભાણ આયા સાહેબ પાસ, સાહેબ સુણો અરદાસ;
મોચી ભાઇ મન ડરેઆ, સાંભલી જ્ઞાન દીલ ધરેઆ;
આવી ગુરને પાએ પડીઆ, ગુર શમસ હાથ ધરેઆ;
હાથ ધરી નીમ પાયા, અબ અપને ઘરૂં આયા;
દેજો દસોંદ સાચી આજ, સહી સરસે તમારા કાજ.
રે તુંહી...
દસોંદ દેજો દીલસું, સાચી કરજો વાતરે;
મોચી તો મન ડરેઆ, ગુર શમસ દીઆ હાથરે. ૩૪
ગુર શમસ થયા દયાલ, મોચી ભાઇકું દીયા હાથ;
અરધી ભકતી ઇનુકું દીયા, અડાઇ મોમન પુરા કીયા;
કલ સંધે અવતાર દીઆ, જીને પીર શાહકા નામજ લીયા;
સતગુર શમસ જાણો, ગુર ઉપર ઇમાન આણો;
ભગતી સાચી કરજો આજ, સહી સરશે તમારા કાજ.
રે તુંહી...
ગુર શમસ ઓલખીઆ, તેનાં સીધાં કાજરે;
અડાઇ મોમન થયા, અચીચલ ભગત આજરે. ૩૫

એસા વણુજ મુનીવર કીજે, જીસથી શાહા અપના લીજે;
ઈસ ખોટીકું દીલસું ન દેખો, સબ ચલત્ર નારીકા પેખો;
દુનીયાકું દુરીજન જાણો, મન સમજી કરણી કમાવો;
કીરીયા કરો છુટી જાવો, માનખા દેહી ફીરી ન આવો;
ઈસકા ભેદ કોઈ ન બુજે, પ્રેમ ભગતી જીનકું સુજે.
રે તુંહી...

સતી સીધા સાચસું, કુડા ન આવે કામરે;
મુનીવર એસા કીજીએ, પાઇએ ઉતમ ઠામરે. ૩૬

સતીએ કીધા શાહાસું નેહા, ગુરને આપી અપની દેહા;
ગુર વચને આપે રહ્યા, તબ ગુરે આણી દયા;
પ્રેમબાઇએ પ્રીત જાણી, નામ ધરાવી દાતણીઆણી;
સુરભાણને સાહએ આલી, સીર ઉપર કસણી જાલી;
કસણી વીના કોઈ ન તરેઆ, કસ કરી ભગત વરેઆ.
રે તુંહી...

પ્રેમબાઇ કસ કરી, સુરભાણ સીધા આપરે;
થીર કરી મન અપના, જપીઆ ગુરના જાપરે. ૩૭

સતપંથ હે સાચી વાટ, સતે ચાલે આવે હાથ;
ભોગવશો અવીચલ રાજ, કુડ કપટ ન આવે કાજ;
કાલ ક્રોધ ધરમ ગુમાવે, કાલ રાખે સત ન આવે;
પએલી કસોટી કસમાં લાવે, પાકો કરસણ સરવે જાવે;
મરણે પેલા મરી મરી જાવે, મીંતુ પણા તબ જા પાવે.
રે તુંહી...

મીંત પણા કીજીએ, જીવની પુરે આશારે;
પીયુ કારણ દીજીએ, તો રહીએ પાસો પાસરે. ૩૮

પએલા રહીએ શાહાસું જુગતા, કસણી કરે પામે મુગતા;
સતગુર શમસ દેવા, સતસું રાખો સાચી સેવા;
એક મને ગતમાં મીલીએ, પર સ્ત્રી માતા ગણીએ;
પાક મને દાન દીજે, જીકર ફીકર રેહેણી લીજે;
દુનીયાસું દીલ ન ધરણા, સબ જાણો આખર મરણા.
રે તુંહી...

દુનીયા લોભ કીજીએ, તો આખર પસ્તાયરે;
મરણે પેહેલાં જે મરે, તો શાહકા દરસણ પાએરે. ૩૯

સત અજવાલે મારગ પાવે, ગુર વચને આપ કસાવે;
અંતર ચલણાં વીસમી વાટે, સતસું ચલણા સાચા માટે;
મુશકીલ રા વેદે ચલણા, અપના ચીત શાહાસું ધરણા;
વેદ પુરાણે વીચારી જોઇએ, માંએકા મેલ વેદે ધોઇએ;
સતે બલી કોયલા થઇએ, સત વીના શાહા ન લઇએ.
રે તુંહી...
સતે ચાલવું દોયલું, કોયલા કરે॥ આપરે;
શક ન લાવે દીલમાં, શાહ મીલે હોવે પાકરે. ૪૦
મસ્તક થઈ આપે રહીએ, સતકા સાંહી તબજા લહીએ;
માયા મમતા ત્રશના છોડી, તેણે પ્રીત દુનીઆસું છોડી;
સાચ વિના સત ન સુજે, શાહાકી બાત વીરલા બુજે;
મન થર અપના ઇસું કીજે, સત સોહાગં અપના લીજે;
સાચ વિના સીધ ન થાએ, પ્રેમ ખેલ ઇસું કર પાએ.
રે તુંહી...
સુલી ઉપર નાચણા, ખેલો ખેલણહારરે;
આંચ ખમે પીગુની, તો કદી ન થાએ નીરાશરે. ૪૧
પએલા સીરકા સાટા કરણા, સીર આગળ પગલા ધરણા;
સાચે ઇમાને નીશીજલ રેહેણા, પીરશાહા જાપે પાર ઉતરણા;
પાપ કપટ સબ દીલસું ધોણા, ઇયુંકર નીરમલ હોણા;
હવા હીરસ કરીએ દુર, પવિત્ર થઇ પીયો નુર;
એસા ભેદ મુનીવર બુજે, મુનીવર હોવે સત સુજે.
રે તુંહી...
સીર સાટા કીજીએ, તો શાહા પાઈએ અમુલરે;
સોના કસોટી કસીએ, તો ચઉદા પાઈએ મુલરે. ૪૨
સોના સરખા તોજા હોઇએ, જો માંહેકા મેલ સારા ખોઇએ;
માંહેકા મેલ ઇસુ પરમાણો, હું હું પણો મેલજ જાણો;
ખોટી કાયા ગીરભ ન કીજે, ગીરભ ખોઇએ તો શાહા લીજે;
મનમાં લરજી આપ રહીએ, કાયા કંચન તબ લહીએ;
મન મારી ધરીએ ધીઆન, ચીતમાં રાખો બહ્મજ્ઞાન.
રે તુંહી...
જુગમાં ચેતો મુનીવરો, ચેતો ચેતણહારરે;
કાયા કાચી ઢલી પડે, તબ શાહા દેશે મારરે. ૪૩

સાચા સાંહી નીશદીન સીરેવો, ઘટઘટ વીયાપક જાણો.
રોમે રોમે સાંહી પીયારા, સબ દુનિઆકા કરે નીસ્તારા;
સુરીજન તબજા પાઇએ, જો આપો આપે આપ ગમાઇએ;
મરી મરી ખાકજ થઇએ, ધરતીકા ગુણ આપે લહીએ;
માયા મમતા દીલસુ છોડીએ, એક દીલ હો સાંહી લોણીએ.
રે તુંહી...

નીશદીન પીયુ જપીએ, છોડો જુગની આશરે;
ઘટ અંધારા દુર કરો, તો શાહા તેરે પાસરે. ૪૪

ગફલત દીલસું દુર કરણા, ચીત સગલા શાહા પર ધરણા;
જીકરે ફીકરે આપે રહીએ, દીલમાં પીયુ પીયુ કરીએ;
મનમાંની સબ અપની છોડો, બંદગી હરદમ શાહાસું લોણો;
દુર કરો માયાકા કાળ, સોંસાર સાગર આપ સંભાળ;
શાહા કરશે તેની સાર. સુરીજન અપના હય દાતાર.
રે તુંહી...

દીલ વીચારો મુનીવરો, સોંસાર માયા જાળરે;
પાખંડ સરવે દુર કરો, છોડો પ્રેમ જંજાળરે. ૪૫

સાચી વાટ સતકી કહીએ, સત વિના પાર ન લઇએ;
સાચ વિના તીલ ન રહીએ, સતપંથમાં કસણીં સહીએ;
તંતવ દેખો સુરીજન લોગા. સત રાખો આપ સંજોગા.
સાચા સતગુર જગમાં જાણો, અવીચળ વચન શાહ પરમાણો;
સરવે સાચી વાટ જાણો, મનમાં ભરમ કાંઈ ન આણો.
રે તુંહી...

મરદ દુઆરે જાઇ મીલો, જો રહીએ પીયુ પાસરે;
કસણીથી કાયા બાળશો, તો જાઓ અમરાપુરી વાસરે. ૪૬

મીંતુ મીલનેકા કીના ચાવા, તીને છોડીઆ સરવે સાવા;
સબ સવાદ દોજક કેરા, ફીરી ફીરી ફરેઆ ફેરા;
જે કો બાંધે શાહાકા શેરા, ઉનકું કીયું પડે ફેરા;
જે કો ઘર ઉગારી ચાવે, સો બોહતેરા ફેરા ખાવે;
જેને મીંતુસું મીલના હોવે, સો રેહેણી સબ સુખસું સોવે.
રે તુંહી...

ફેરા ઉનકે પુઠીઆ, જેણે મીંદર કીયા દુરરે;
દીન ઉગે આથમે, ઊપર આવે સુરરે. ૪૭

૮

ગતમાં બેસી સમરણુ કરીએ, જીવ છોડાવા દીલસું ડરીએ;
જપ તપેથી ભાવેજ રેણા, સાંહી અપનેસુ ચીત દેણા,
મુનીવર સુકરીત કરીએ, ધીયાન શાહાકા દીલસું ધરીએ;
ગફલત અપની દુર કરીએ, નીત નીત સાહેબસું ડરીએ;
મુનીવર ઇયું કર પાર ઉતરીએ, ગુર વચને જીવતા મરીએ.

રે તુંહી...

મરણુ આગલ જે મરે, તેના પુરા ભાગરે;
સતગુર વચને થીર રહીએ, તો પાઇએ સત સોહાગરે. ૪૮

સીરકા સાટા પએલા કરણા, નીત નીત પાક પવિત્ર હોણા;
સંગ પીયા કે સબકુછ દેણા, સુરતા કર રેણી રેહેણા;
પીર વચને પાર ઉતરણા; ચોખા દીલ અપના કરણા;
સતકી બાતે સતે રેણા, જીભીયા ઇંદ્રી યું વશ કરણા;
મનમાંહે ભીરાંત ન લાવો કાંઇ, તબજા દીલમાં પાઇયે રોશનાઇ.

રે તુંહી...

ઘટ નીરમલ કીજીએ, તો શાહા છે તુજ પાસરે;
દીલસું પીયુ જપીએ, તો પુરે તમારી આશરે. ૪૯

આશા પુરેં સાચા સાહેબ, જે ચાલે ગુરનરકે વાએક;
ગુરનર જાણો પરતક દેવા, નીત નીત કરો ભાઇ ઉનકી સેવા;
સેવાએ જાગો મુનીવર ભાઇ, ભણુ પીર શમસ કરો સત કમાઇ;
ગુરજી જાંબુ દીપે જાણો, શાહા દેલમ દેશે પરમાણો;
ગુરનર પરતક જાણો, પીર શાહાકું સત પીછાણો.

રે તુંહી...

નવ ખંડ સપત દીપમેં, અને સાહેબ હએ ભરપુરરે;
શાહા શમસને સીરેવીએ, તો વીઘન હોવે દુરરે. ૫૦

(સુરભાણુ સમાસ.)

# વેલ સુરભાણની.

ગુર શમસ સાહેબ જાણુ, ગઝની દેશમાં કીયા આણુ;
આવી બેઠા પાદર માંહે, ગત સઘલી આવી તાંએ;
લાગી પાએ પરણામ કરે, તેડી ચાલ્યા આપણે ઘરે;
રાજે સુણી ગામ ગીરાસી, સોનારી હુએ પીરકી દાસી;
સુરભાણ ઉનકા પુતા, સેજ સારી ઉપર સુતા.

રે તુંહી...

આંગણે બેસાડીયા, ગુરજી કહે ગીનાનરે;
સુરભાણ સુતા જાગીયા, ઉઠી કરે સનાનરે. ૧

કરી સનાન સનમુખે આવે, પીર શાહાસું વાત કહાવે;
ગુર ગીનાન પીરછાવે, ભેદ સઘલો સુરભાણ આવે;
દીનકી રાહા ઉનકું આવી, પીર સાહેબે પીરછાવી;
તબ સુરભાણ લાગા પાએ, ગુર હમારી જાલો બાંએ;
તબ પીર કરે ફરમાના, સુરભાણે પીર શાહા જાના.

રે તુંહી...

પીર શાહા પીછાણ્યા, ચેલા કહાવ્યા તબરે;
પીર નીયમ આલીયા, રાજ મેલીયા સબરે. ૨

નીયમ લઈ નીરત રાખી, હમતો હુએ બંદે ખાકી;
ખાક બોલીયા બંદા કહાવે, આખર ખાક હોકર જાવે;
પીરશાહા હમકું નીમ પાવે, હમ સહી વઈકુંઠ જાવે;
એસા વચન કીયા જબ, ગુર કોલ આલીયા તબ;
કોલ કરાર એસા કરીયા, સઘલી ભગતી લઈ વરીયા.

રે તુંહી...

ભગતી શાહાકી કરે, જપે હરીકા નામરે;
સાચા સીખક ઈમાન હે, દીલ ન રાખે દામરે. ૩

દામથી દીલ મેલે અલગે, શાહાકે પાલવ આવી વલગે;
પાલવ વલગે હમેરે પુતા, સુખસું જઈ સેજે સુતા;
આનંદ હોવે ઉનકું આજ, સઘલા પુગે તીનકા કાજ;
બાપ કરી બોલાવી લીજે, વચન કહ્યુ એક ન કીજે;
સેહેજે સુખસું રમતા રમે, તીયું બાપકું બેટા ગમે.
રે તુંહી...
બાપકું બેટા ગમે, સમજે સતની વાટરે;
પ્રીત બાંધી પીયાસું, તો ઉતરે વીસમી ગાટરે. ૪
સંવત અગીયારસો પંચોતેર, ગુર શમસ આવીયા ઘેર;
ગતમાં આવી પીર પાયા, સુરભાણ ગતમાં આયા;
ગત સગલીએ પીર દીઠા, સબકું વાણી બોલે મીઠા;
પીર કરે સારી બાતાં, સુરભાણ હમારે સાથાં;
પરણાવીએ એનકું આજ, પીર કહેવે ગત જમાથ.
રે તુંહી...
પુતરને પરણાવીએ, તબ જા પોચે આશારે;
શાહા શમસ પરણાવીઆ, સો સુરભાણ દાસરે. ૫
સુરભાણ શાસ્ત્રી જાણ, સબ ગરથ બોલે મુખ વાણ;
જે કુછ ગુરે આંખી બાત, તે સુરભાણને આવી હાથ;
એસા હરીજન શાહાકા કહાવે, ત્યું ગુરકું અતી સોહાવે;
હરીકી બાતાં અંતર લાવે, સુરભાણ ભગત કહાવે;
પીર શમસ રાખે ચાવ, ગત સગલી ઉપર રાખે ભાવ.
રે તુંહી...
ભાવ ભગતી જે કરે, સો હરકા દાસરે;
આજકલ છેલી સંધમાં, આવી કરે વાસરે. ૬
બારમી સદી પુરી આએ, સુરભાણ ગતમાં પાએ;
શાહા શમસના દાસ કહેવાએ, દેસ વીદેશે રમતા આએ;
જાં સુધી સંધ પુરી થાએ, તાં લગી ભગત કીલાએ;
ગુજરાતમાં કરે વાસ, સેવા કરે ગુરજી પાસ;
ગુરજી નામ ઉનકા રાખે, કીલાવે શામદાસ કાકે.
રે તુંહી...
શામદાસ કીલાવે, શાસ્ત્રી અપારરે;
સહુ હાથ જોડી રહે, એસા શાહાકા દાસરે. ૭

ચાર ખંડ માંહે ઉનકા નામ, ગુર કહે એસા મેરા કલામ;
પીર શમસે ધરીયાં હાથ, રેહવે સદા ગુરજી કે સાથ;
ગુર ગીનાની દાસ કીલાવે, સહુ ઉનકા દરસણ પાવે;
પાપ સરવે તેના જાલે, જે કો ગુર ગીનાને ચાલે;
ગુરસું રાખે નીત પીઆર, ઉનકા હોવે ધન અવતાર.
રે તુંહી...
ધન અવતાર ઉનકા, કીલાવે હરકા દાસરે;
બારમી સીધી બોલશે, રેહવે ગુરકે પાસરે. ૮
ચીણ મહાચીણ ઉનકા રોજા, સલામ આવે રાણી સુરજા;
રાણી સુરજા કમલા કુંઅર, આવે સઘલી લોક રઇયત;
સરવે આવે દરસણ કાજ, સુરભાણ હરીજન દાસ;
ગુરનરકા હે કલામ, સરવ રોજે કરે સલામ;
દરગા કરી માને આજ, સીધાં સરવે ઉનકા કાજ.
રે તુંહી...
સાડી સાત કરોડી, નીમેઆ પીરકે નામરે;
દરગે આવી કરી, ધરે હરીના ધીયાનરે. ૯
દરગામાં આવે દોએ દેવા, સુરભાણ તણી કરે સેવા;
સુરજા રાણીની બેટી જાણ, અજીઆ વજીઆ દોનુંકા નામ;
રાત દીવસ કરે છે સેવા, લોક રઇયત લાવે મેવા;
ગુરનર ઉપર છે ઇમાન, કહેશો સતગુર જ્ઞાન;
દરગા તણી કરે છે સેવા, હરી ભકત દરસણ લેવા.
રે તુંહી...
હરી દરશણ કરે, જ્ઞાન વીચારી વેદરે;
સહુ સંતોખી મીલીઆ, કોઇ ન જાણે ભેદરે. ૧૦
વેદ શાસ્ત્ર વિચારી જોએ, દરસણ શાહાકા પાવે સોએ;
સેવા કરે હરીજન અપને, જીકર બંદગી કરે તપને;
આલ ઇમામ ઉનકું સુજે, જ્ઞાન વિચારી વિરલા બુજે;
પીર અપના ખરા સોએ, જે નબીને મુસલ્લે હોએ;
આલ ઇમામ સાહેબ કાહાવે, જે અલીને તખતે આવે.
રે તુંહી...
આલ ઇમામ તે કહીએં, જે તખતે બેસે જાણરે;
પીર મુરશીદ કીલાવે, નબુવત નીરવાણરે. ૧૧

કલજુગમાં પીર બોહોત કીલાવે, તીસથી સેંધા કણુ ન જાવે;
વેદમાં લીખીઓ તે ખરો, ગુર દેખાડે તેવા કરો;
તો તમારા સરસે કાજ, અમરાપુરીમાં કરશો રાજ;
દેખો ભગત તણી ખેલ, સુરભાણ તણી સુણો વેલ;
પીર શમસ બોલે જ્ઞાન, અભયાગતને દેવો માન.

રે તુંહી...

શાહા શમસ પરબોધેઆ, સુનો તીનકા વીચારરે;
ભગત એસા કહાવેઆ, પોતા પએલે પારરે. ૧૨

(સુરભાણુની વેલ સમાપ્ત.)